# વાઈબ્રન્ટ રોશની નિહાળવા નાગરીકો ઉમટ્યા







ગાંધીનગર,તા. ૧૩

ગાંધીનગર શહેરમાં વાઈબ્રન્ટનો અનોખો ધમધમાટ નજરે પડે છે. વાઈબ્રન્ટની તૈયારીઓને વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ અપાઈ રહ્યો છે. વાઈબ્રન્ટમાં કોઈ કચાશ રહી ન જાય તે માટે અધિકારી-કર્મચારીઓ સતત દોડાદોડી કરતા નજરે પડે છે. ગાંધીનગરના આંગણે વાઈબ્રન્ટમાં વીવીઆઈપી અને વિદેશી મહેમાનો આવવાના હોવાથી તમામ ચીજવસ્તુનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે છે. શહેરના વિવિધ માર્ગો, સરકારી ઈમારતો અને સ્વર્ણીમ પાર્કને રોશનીથી ઝગમગતા કરી દેવાયા છે. ત્યારે રાત્રીના સમયે મહાત્મા મંદિર તરફનો નજારો કંઈક અલગ હોય છે. મહાત્મા મંદિર તરફ ગ-૪ થી વિધાનસભાના માર્ગ સુધી રોશનીના ઝગમગાટને નિહાળવા માટે નાગરીકો સાંજ ઢળતા જ રીતસરની દોટ મુકે છે. ત્યારે શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં રોશની નિહાળવા માટે આવેલા નાગરીકોને પગલે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. રોશની નિહાળવા માટે ટાઉનહોલથી લઈને મહાત્મા મંદિર તરફના માર્ગે જઈને પરત આવતા એક કલાક જેટલો સમય થઈ જાય છે. સ્વર્ણીમ પાર્કમાં પણ લાઈટીંગ અને વિવિધ આકર્ષણો ઉભા કરવામાં આવતા યુવાવર્ગ સેલ્ફી લેવાના મુડમાં હોય છે. વાઈબ્રન્ટમાં સેલ્ફી લેવા માટે તો યુવાનો મોડીરાત સુધી ઠંડીમાં પણ બેસી રહે છે. જયારે મહાત્મા મંદિર તરફના માર્ગો વિવિધ લાઈટ અને ટેકનોલોજીથી શણગારવામાં આવતા નગરમાં અનોખો માહોલ જામ્યો છે. તો બીજી તરફ ટ્રાફિકની સમસ્યા સર્જાતા પોલીસ જવાનો અને ટ્રાફિકના કર્મચારીઓ સતત ખડેપગે સેવા બજાવે છે. જયારે શહેરના માર્ગો પર રોશની જોવા માટે આવેલા નાગરીકોની અડચણ રુપ કાર કે બાઈક પણ દુર કરવાની ફરજ પડે છે. તો બીજી તરફ માર્ગ વચાળે મુકેલા વાહનોને ટ્રોંઈગ કરીને તંત્ર લઈ જાય છે. ત્યારે હાલના સમયે તો એક તરફ ઉતરાયણ પર્વની ઉજવણીનો માહોલ જામ્યો છે તો બીજી તરફ વાઈબ્રન્ટની તૈયારીઓને આખરી ઓપ વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવી રહ્યો છે.

## સ્વચ્છ પેયજળ સર્વેક્ષણ અને ગાંધીનગર





**ગાંધીનગરના ૨૪૮ પરિવારો સીધુ ઝરણાં, નદી કે નહેર તળાવનું પાણી પીવે છે!!**

સેન્સસ ૨૦૧૧-ગુજરાત શૃંખલા ૨૫ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત અને એની સ્થિતિ અનુસારના પરિવારોનું વિવરણ રજૂ કરવામાં આવ્યું છે. ૨૦૦૧ના વસ્તીગણતરી અહેવાલમાં આ બાબત ચોક્કસ સામેલ હતી જ પરંતુ ૨૦૧૧ના વસ્તી ગણતરી અહેવાલમાં અગાઉની મેળવાતી માહિતીમાં થોડી સઘન માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ૨૦૧૧ના વસ્તી ગણતરી નળ અને કૂવાના પાણીને પેયજળ તરીકે ઉપયોગમાં લેવાની વાત પણ માહિતી એકત્રીકરણ માં સામેલ કરવામાં આવી એની પાછળનું કારણ એવું હતું. ઢાંકેલા કુવા (covered well) અને ઢાંકેલા ન હોય તેવા કુવા (un-covered well) દ્વારા પીવાનું પાણી મેળવવામાં આવે છે તે માહિતી મેળવવામાં આવી છે જ્યારે ૨૦૦૧ના વસ્તી ગણતરી અહેવાલમાં આ બાબત સામેલ ન હતી. મજાની વાત એ પણ છે 'નળનું પાણી' એ સંદર્ભમાં મેળવાયેલી વિગતોમાં ઉપચારિત સ્ત્રોતથી (Treated source) પ્રાપ્ત થયેલું નળનું પાણી અને બિન ઉપચારિત સ્ત્રોતથી (Untreated source) પ્રાપ્ત થયેલું નળનુ પીવાનું પાણી ઉપયોગમાં લે છે એવી માહિતી મળે છે. એવી જ રીતે કૂવાઓમાંથી પીવાનું પાણી મેળવવામાં આવતું હોય એવા કિસ્સાઓમાં ઢાંકેલા કુવાનું પાણી અને નહીં ઢાંકેલા કુવાનું પાણી એમ વિશિષ્ટ રીતે માહિતી મેળવવામાં આવી છે. આ માહિતીની ગાંધીનગરના સંદર્ભમાં આપણે લેખમાળામાં ચર્ચા કરીશું. ગાંધીનગરની સમગ્ર રાજ્ય સાથે સરખામણી કરીને પેયજળની વિગતો આપણે જોઈશું.

ગુજરાતના કુલ ૧.૨૧ કરોડથી વધુ ગુજરાતી પરિવારો પીવાના પાણી એટલે કે પેય જળ તરીકે શુદ્ધ કરાયેલું પાણી નળ દ્વારા અને અને શુદ્ધ ન કરાયેલું પાણી પીવાના પાણી તરીકે મેળવે છે આ ઉપરાંત ઢાંકેલો કુવો અથવા તો ન ઢાંક્યો હોય તેવા કૂવામાંથી, ડંકી-હેન્ડ પંપ દ્વારા, ટ્યુબવેલ, ઝરણાં, નદી, નહેર, તળાવ, સરોવર કે કે અન્ય સ્ત્રોત દ્વારા પીવાનું પાણી મેળવે છે. આ આંકડાઓ પર એક દ્રષ્ટિપાત કરીએ તો સમગ્ર ગુજરાતમાં ૪૦ ટકા પરિવારો નળનું પાણી ઉપચારિત સ્ત્રોત દ્વારા મેળવે છે જ્યારે ૨૯ ટકા બિન ઉપચારિત સ્ત્રોત દ્વારા નળથી પીવાનું પાણી મેળવે છે. એટલે કુલ વસ્તીનો બહુ મોટો ભાગ, લગભગ ૭૦ ટકા ગુજરાતી પરિવારો નળ થકી પીવાનું પાણી મેળવે છે. બાકીના ૩૦ ટકા પરિવારો અનુક્રમે ઢાંકેલ કુવામાંથી ૨.૨૯% ટકા પરિવારો, ઢાંકેલો ન હોય એવા કૂવામાંથી ૪.૭૯% પરિવારો, ૧૨% પરિવારો ડંકી કે હેન્ડ પંપ દ્વારા પીવાનું પાણી મેળવે છે જ્યારે ટ્યુબવેલ દ્વારા દસેક ટકા પરિવારો પેય જળ મેળવે છે. બાકીના ત્રણ ટકા જેટલા પરિવારો નદી, નહેર, તળાવ ઝરણા કે અન્ય સ્ત્રોત દ્વારા પરિવાર માટે પીવાનું પાણી મેળવે છે. ગુજરાતની આ સ્થિતિની સામે જો ગાંધીનગરની આપણે વાત કરીએ તો ગાંધીનગરમાં પરિવારો માટે પીવાનું પાણી પ્રાપ્ત કરવાની સ્થિતિ ખૂબ જ સંતોષજનક છે એમ કહી શકાય.

● અનુસંધાન પાન-૭ પર

# આજે સાનુકૂળ પવન રહેશે

**ઉત્તરાયણમાં ઉત્તર-પૂર્વ તરફનો પવન રહેશે : દિવસ દરમ્યાન ૧૦ થી ૧૫ કિ.મી.ની ઝડપનો પવન રહેવાની હવામાનશાસ્ત્રી અંબારામ પટેલની આગાહી**

ગાંધીનગર, તા. ૧૩

આ વર્ષે ગાંધીનગરના પતંગ રસિયાઓ માટે આનંદના સમાચાર છે કેમકે દર વર્ષે ઉત્તરાયણના જ દિવસે ક્યાં તો પવન ના હોય અથવા તો ખૂબ વધુ ઝડપે પવન ફૂંકાય તેવા અવરોધોને કારણે પતંગ ચગાવવાની મોજ ઓસરાતી હોવાના અનુભવો થવાથી પતંગબાજોને નિરાશા થતી જોવા મળે છે. જોકે આ વર્ષે ઉત્તરાયણના દિવસે ૧૦ થી ૧૫ કિમીની મધ્યમ ઝડપનો સાનુકૂળ પવન રહેશે તેવી ગાંધીનગરના હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરી છે.

મકરસંક્રાંતિ તથા કર્ક સંક્રાંતિ કાળ ગણનામાં જ્યોતિષની દષ્ટિએ મહત્વના તહેવાર ગણાય છે. મકરસંક્રાંતિ સામાન્ય રીતે સંપૂર્ણ ભારતનો તહેવાર છે. પ્રયાગરાજમાં માધમેળો અર્ધકુંભ સામાન્ય રીતે મેળાની શરૂઆત પોષ માસની પુનમથી થાય છે. પરંતુ જો કોઈ વર્ષે મકરસંક્રાંતિ પોષ માસની પુનમ પહેલાં આવે તો મકરસંક્રાંતિથી મેળાનો પ્રારંભ થઈ જાય છે. આ વર્ષ પ્રમાણે મકરસંક્રાંતિ પોષ પુનમ પહેલાં આવે છે.

આ વખતે ઉત્તરાયણનો પવન સામાન્ય રીતે ઉત્તર-પૂર્વ તરફ રહેવાની શક્યતા છે. સામાન્ય રીતે સવારમાં આ પવન સાનુકૂળ રહેવાની શક્યતા છે. દરીયાકિનારે દસથી પંદર કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ગુજરાતના કેટલાક ભાગોમાં દસથી બાર કિ.મી.ની ઝડપે પવન રહે તેવી શક્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અભ્યાસ માટે આજે કેન્દ્રની ટીમ જિલ્લાના પ્રવાસે આવશે

ગાંધીનગર, તા. ૧૩

કેન્દ્ર પુરસ્કૃત સાત યોજનાઓના અમલીકરણ અને પડકારોના અભ્યાસ માટે કેન્દ્રની ટીમ આજે જિલ્લાના પ્રવાસે આવી રહી છે.

આ ટીમ જિલ્લામાં નેશનલ હેલ્થ મિશન, સર્વ શિક્ષા અભિયાન તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન સહિતની યોજનાઓની સમીક્ષા કરશે.

જિલ્લાના પ્રવાસ બાદ આ ટીમ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જનાર છે. આ ટીમ જિલ્લાના ત્રણ ગામોમાં મુલાકાત લેશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર દ્વારા યોજનાઓના અમલીકરણ અંગેની અત્યાર સુધીની વિગતો અને સિદ્ધિઓ દર્શાવતી ટૂંકી નોંધ પણ પ્રેઝન્ટેશન સાથે તૈયાર કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.





ઉત્તરાયણનું આગમન - ઉત્તરાયણના આગમનને પગલે શહેરના માર્ગો પર બોર અને શેરડી ઠેર ઠેર ઠલવાયા છે... ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ઉત્તરાયણ પર્વે બોર અને શેરડી ખાવાનો આગવો મહિમા વર્ણવાયો છે... બોરમાં વીટામીન-સી અને રોગ પ્રતિકારક શક્તિના પગલે બોર વ્યાપક પ્રમાણમાં પતંગ ઉડાડતા ખવાય છે... જ્યારે શેરડી આજે પણ પવિત્રતાનું પ્રતિક છે... મીઠાશ આપે છે... શક્તિવર્ધક છે... અને પૂજા-પાઠમાં શેરડીનો મહિમા મોટો છે..

## કૃષિ ઈનપુટ સહાય મેળવવા ખેડૂતોનો નબળો પ્રતિસાદ મળ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કૃષિ ઈનપુટ સહાય મેળવવા માટે ખેડૂતો તરફથી નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. ૫૦ ટકા જેટલા ખેડૂતોએ આ સહાય માટે અરજી તંત્રને કરી છે.

૧૫મી જાન્યુઆરી આ માટે અરજી કરવાનો અંતિમ દિવસ છે. જિલ્લાના ત્રણ તાલુકામાં એક લાખથી વધુ ખેડૂત ખાતેદારો છે. આ ત્રણ તાલુકામાં ૪૫૦ મી.મી. કરતાં ઓછો વરસાદ થતાં આ સહાય આપવાનો નિર્ણય સરકારે કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે રવિવારે રજાનો દિવસ હોવા છતાં પંચાયતની કચેરીઓમાં આ અરજીઓ સ્વીકારવાની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

જિલ્લાને આ માટે ૫૩ કરોડ રૂ.ની ગ્રાન્ટ પણ ફાળવી દેવામાં આવી છે. હવે ૧૫મીએ આ અરજીઓ આપવાની મુદત પૂર્ણ થયા બાદ તાલુકા કક્ષાએથી તેની ચકાસણી કરી અને જિલ્લાને મોકલવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ વહીવટીય પ્રક્રિયા આગામી સપ્તાહમાં સંપન્ન થતાં જ ૨૦મી પછી આ સહાયની ચુકવણી ખેડૂતોના ખાતામાં સીધી જશે.

જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયેલા ત્રણ તાલુકામાં સંયુક્ત ખાતેદારોની સંખ્યા મોટી છે અને તેથી નબળો પ્રતિસાદ મળ્યો હોવાનું મનાઈ રહ્યું છે. આવા ખાતેદારોની આ ત્રણ તાલુકામાં ૬૦ હજારથી વધુ સંખ્યા હોવાનું જાણવા મળેલ છે.

## રાજ્યમાં ૦ થી ૧૮ વર્ષના ૫૦ લાખ બાળકોની આધાર નોંધણી થઈ નથી

**ગાંધીનગર જિલ્લામાં ૫૬,૨૨૦ બાળકોની આધાર નોંધણી થઈ નહિ હોવાથી તંત્ર હરકતમાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં ૦ થી ૫ વર્ષની વયજૂથના બાળકો તેમજ ૫ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો આધારકાર્ડમાં ૫૦ ટકા કે તેથી વધુ છુટી ગયા છે તેવા જિલ્લા કલેક્ટરોને રાજ્યના આયોજન સચિવ અનુપમ આનંદે પત્ર લખીને તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યના ૧૮ જિલ્લા કલેક્ટર અને મ્યુનિ. કમિશ્નરોને આ પત્ર પાઠવવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આ વય જૂથની અંદાજિત વસ્તી ૧,૨૪,૦૪૫ છે જ્યારે છુટી ગયેલા બાળકોની સંખ્યા ૫૬,૦૨૨૦ છે. આ પત્રમાં સચિવશ્રીએ જણાવ્યુ છે કે માર્ચ-૧૮ની અંદાજિત વસ્તી ૬.૩૯ કરોડ છે. આ પૈકી ૦ થી ૫ વય જૂથના ૨૯.૪૧ લાખ અને ૫ થી ૧૮ વય જૂથના ૧૯.૮૬ લાખ બાળકોની રાજ્યમાં આધાર નોંધણી બાકી છે.

જાન્યુઆરી માસમાં સી.એમ. ડેશ બોર્ડ દ્વારા રાજ્યની વિવિધ યોજનાઓનું મોનીટરીંગ કરવામાં આવે છે તેમાં આ હકીકત સામે આવતાં જ જિલ્લા વહીવટીતંત્રને આ મુદ્દે કડક તાકીદ કરવામાં આવી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે.

આ માટે કેમ્પ મોડ પર કામગીરી કરવા તાકીદ કરતાં સચિવશ્રીએ તેમના પત્રમાં જિલ્લા શિક્ષણ કચેરી ખાતે અલગથી કીટો ફાળવી આ કામગીરીમાં ઝડપ આવે તે જરૂરી છે એટલુ જ નહિ જિલ્લાની માસિક સમીક્ષા બેઠકમાં પણ આ બાબત આવરી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## દોરી-પતંગનાં ભાવમાં ૧૦-૨૦ ટકાનો વધારો

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં ઉત્તરાયણનાં પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. ઉત્તરાયણનાં પર્વને હવે ગણતરીનાં કલાકો જ બાકી રહ્યાં છે. ત્યારે હવે બજારોમાં ભીડ જોવાં મળી રહી છે. ઉત્તરાયણ પર્વને ગણતરીનાં જ કલાકો બાકી રહેતાં પતંગરસિકોમાં ઉત્તરાયણનાં પર્વને લઈને અનેરો ઉત્સાહ જોવાં મળી રહ્યો છે. રાજ્યનાં મહેસાણામાં પણ બજારોમાં વિવિધ પ્રકારનાં અવનવી ડિઝાઈનવાળાં પતંગો તેમજ વિવિધ માંઝાએ ખૂબ આકર્ષણ જમાવ્યું છે.

પતંગ અને દોરી ખરીદવાં માટે લોકો ઉત્સુક જોવાં મળી રહ્યાં છે તેમજ રંગબેરંગી માંઝો પીવડાવવા માટે પણ પતંગરસિકોની ખૂબ લાંબી લાઈનો લાગેલી જોવાં મળી રહી છે. ત્યારે મહત્વનું છે કે આ વર્ષે પતંગમાં ૨૦ ટકા અને દોરીનાં ભાવમાં પણ ૧૦ ટકાનો વધારો થયો છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com